ધર્મ અને રાષ્ટ્રત્વ

અનાદિ કાળથી મનુષ્યની પ્રવૃત્તિમાત્રનો હેતુ સુખપ્રાપ્તિ રહ્યો છે. અનેક વસ્તુઓની પાછળ સુખને માટે ભમ્યા છતાં સુખ મૃગજળની માફક દૂર ને દૂર જતું જાય છે અને આમ નિરંતર શાશ્વત સુખની ખોજ ચાલ્યાં કરે છે. અંતે 'કેડે છોકરું ને ગામમાં શોધ્યું' એ લોકોક્તિ પ્રમાણે પરમ સુખનું ધામ અંતરમાં જ—આત્મામાં લાધ્યું. આમ આત્માની શોધ કરવી, તેના સ્વરૂપને ઓળખવું એ જ પરમ શ્રેયનો માર્ગ જણાયો. આ શ્રેયમાર્ગ તે ધર્મ.

પરંતુ ધર્મમાં આત્માની સૂક્ષ્મતા અને પારલૌકિકતા પર એટલો બધો ભાર મૂકાયો કે આત્મા દેહધારી છે અને દેહદ્વારા જગત્ સાથે તેને નિકટનો સંબંધ છે અને તે સંબંધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં અવગણી ન શકાય એ વાત જ જાણે ભૂલાઈ ગઈ. પરિણામે જડભરતની પેઠે કુટુંબ અને સમાજથી ડરીને દૂર ભાગવામાં જ મોક્ષ રહેલો છે એવો વૈરાગ્યનો ભૂલ ભરેલો આદર્શ રજુ થયો. સમાજમાંથી નાસી છૂટવાના—બાહ્ય સંન્યાસના મિથ્યા પ્રયત્નો થયા. ધર્મ, દેરાસરો, મંદિરો, મસજીદો અને દેવળોમાં કેદ થયો. ધાર્મિક અને વ્યવહારિક એવા જીવનના ખોટા ભેદ પડયા. ધર્મ અને જીવનને જાણે છૂટાછેડા થયા. દ્વૈતાદ્વૈત આદિ અનેક તત્ત્વવાદના ઝઘડા જાગ્યા અને સંપ્રદાયોના ખાબોચીયાંમાં ધર્મ ડૂબ્યો. આ દોષના નિવારણાર્થે ભગવાન બુદ્ધે આત્માના સ્વરૂપની વાત જ છોડી દીધી છે. તેમની એક આખ્યાયિકા આ સંબંધમાં ઘણી બોધપ્રદ છે. તેમના એક શિષ્યે આશંકા કરી કે "મહારાજ આ જગતની ઉત્પત્તિ કેમ અને કયારે થઈ તેનો હેતુ શો હશે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માનું સ્વરૂપ શું, તેને અને જગતને શો સંબંધ ? ઈત્યાદિ તત્ત્વબોધ આપે કદી કર્યો નથી, ત્યાં સંયમાદિ ધર્મનું પાલન શા અર્થનું ?" તેને ઉત્તર મળ્યો "ભાઈ, એક દર્દીને તીર લાગ્યું છે અને તે વૈદ્ય પાસે જઈને કહે છે કે 'મારું આ તીર કાઢો, પણ જરા ઉભા રહો, પ્રથમ મને કહો કે આ તીર મારનાર કોણ અને કેવો હશે ? શા હેતુથી તીર માર્યું હશે ? તે કઈ દિશામાંથી આવ્યું હશે ?' આ મૂર્ખ દર્દીના જેવી તું વાત કરે છે. આત્મા અને જગતના સ્વરૂપની વ્યર્થ જિજ્ઞાસા છોડી કર્તવ્ય પાલન કર અને તેમ કરતા સત્યજ્ઞાનની પ્રાપ્તિ યથાકાળે સહેજે થઈ રહેશે."

આત્મા દેહી છે, અને ચિત્તદ્વારા દેહી પ્રવૃત્તિ કરે છે. પ્રવૃત્તિમાં કર્મબંધ ન થાય અને મોક્ષ મળે તે માટે ચિત્તશુદ્ધિની આવશ્યકતા છે. આ ચિત્તશુદ્ધિ અનેક સાત્ત્વિક ગુણોના સપ્રમાણ વિકાસ વિના શકય નથી, અને આ ગુણવિકાસ જીવનના અનેક વ્યાપારોમાં જ થઈ શકે છે. સત્ય, અહિંસા, અભય, ક્ષમા, સહનશીલતા આદિ અનેક ગુણોનો ઉત્કર્ષ અને કસોટી સમાજમાં જ શકય છે એ સહેજે સમજાશે. વળી જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી સમાજનો કેવળ ત્યાગ શકય પણ નથી. એકાન્તવાસીને પણ નિર્વાહ માટે કોઇને કોઈ પર આધાર રાખવો જ પડે છે. આમ છે તો ત્યાગ શાનો થયો ? સમાજનો નહિ પણ તેના પ્રત્યેના ધર્મનો જ. સમાજ તરફથી પોષણ અને રક્ષણ મેળવ્યું છે છતાં તેના પ્રત્યેનું પોતાનું ઋણ કબૂલ નથી કરવું એ તો આજના દેવાળીઆ જેમ લેણદારોને જાણે ઓળખતા જ નથી એના જેવું થયું. ટૂંકમાં સમાજનો ત્યાગ અશકય છે અને તેનો પ્રયત્ન ધર્મદૃષ્ટિએ અનિષ્ટ છે.

સમાજમાં કુટુંબ, જ્ઞાતિ, રાષ્ટ્ર, સકળ મનુષ્યસમાજ ભૂતસૃષ્ટિ માત્રનો સમાવેશ થાય છે. આજે આપણે માત્ર સમાજના એક મહત્ત્વના અંગ, રાષ્ટ્ર પ્રત્યેના આપણા ધર્મની વાત વિચારવાના છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ પૂર્વના ઋણાનુબંધે કરીને અમુક કુટુંબમાં જન્મ થાય છે અને ત્યારથી જ તેના પ્રત્યેના ધર્મ પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે અમુક દેશમાં જન્મ થવો તે પણ ઋણાનુબંધનું કારણ હોઈ શકે અને તેથી જન્મથી જ જન્મભૂમિ પ્રત્યેના ધર્મ પ્રાપ્ત થાય છે. જે ભૂમિનાં અન્ન. જળ વસ્ત્રે આ કાયા ધારણ પોષણ અને રક્ષણ પામે છે, જેની સંસ્કૃતિનું ધાવણ આપણે ધાવ્યા છીએ તેના પ્રત્યે, તેની જનતા પ્રત્યે આપણો સેવાધર્મ છે તે સમજાવવું પડે તેમ છે ?

આપણો આ રાષ્ટ્રધર્મ વિશાળ વિશ્વધર્મ ભૂતધર્મ અથવા આધ્યાત્મિકધર્મ સાથે અવિરોધી છે, બલ્કે સુસંગત છે. પાતિવ્રત્યમાં પરપુરુષનો દ્વેષ નથી, ઇષ્ટદેવની ભક્તિમાં અન્ય દેવનો તિરસ્કાર નથી, તેમ સાચા રાષ્ટ્રધર્મમાં પર રાષ્ટ્ર પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર નથી રહ્યો. પોતાના કુટુંબનું ન્યાય્યરીતે ધારણ પોષણ અને સત્ત્વસંશુદ્ધિ થઈ શકે તે માટે તેના નિયંતા બનવું એ ખરો કુટુંબ ધર્મ છે તેવી જ રીતે રાષ્ટ્રનાં ધારણ પોષણ અને સત્ત્વસંશુદ્ધિ ન્યાય્યરીતે શક્ય બને તે સારુ રાષ્ટ્રને માટે સ્વરાજ્ય મેળવવું તે ખરો રાષ્ટ્ર-ધર્મ છે. આમાં પર રાષ્ટ્રનું રાજ્ય પચાવી પાડવાની અધર્મ યુક્ત વાત નથી. અલબત્ત આપણા રાષ્ટ્રને પરરાજ્યની ધુંસરીમાંથી મુક્ત કરવાના પ્રયત્નમાં પરરાજ્યને દેખીતી હાનિ લાગવાનો સંભવ છે; પરંતુ આપણા રાષ્ટ્રે મુક્તિનો જે માર્ગ ગ્રહણ કર્યો તે ધર્મયુક્ત હોવાથી તે હાનિ આપણને દોષકર નથી. આ માર્ગ તે કયો અને તેની વિશિષ્ટતા શું છે તે જોઈએ. રાષ્ટ્રે મુક્તિનો માર્ગ અહિંસાનો ગ્રહણ કર્યો છે. કોઈ પણ અંગ્રેજનો વાળ સરખો વાંકો કર્યા વિના, તેને ગાળ સરખી દીધા વિના, મનથી પણ તેનું ભૂંડું ઇચ્છયા વિના માત્ર શાંત પણ જ્વલંત સત્યાગ્રહથી સ્વરાજ્ય મેળવવાનો આપણો દાવો છે. આ પ્રકારનું પ્રજા પ્રજા વચ્ચેનું યુદ્ધ જગતના ઈતિહાસમાં અવનવું છે. આ યુદ્ધનો પ્રણેતા હિંદનો—બલ્કે જગતનો સર્વશ્રેષ્ઠ સન્ત પુરુષ છે. ન્યાયયુક્ત હિંસક યુદ્ધને પણ ધર્મયુદ્ધ કહેવાનો પ્રચાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આ તો એથીય વિશેષ ન્યાયયુક્ત અહિંસક યુદ્ધ છે અને તેથી તે સાચે જ ધર્મયુદ્ધ છે. તેમાં સાધ્ય તેમજ સાધન બન્ને ધર્મયુક્ત છે. આવા શુદ્ધ ધર્મયુદ્ધના વિજયમાં જૈનધર્મનો પણ વિજય રહેલો છે. કેમકે બન્નેનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે. જૈનો પોતાના સાચા અહિંસા ધર્મને ઓળખે અને આ ધર્મયુદ્ધનું રહસ્ય સમજે તો તેઓ દેશને તારે અને પોતાના ધર્મનો દિગ્વિજય કરાવે.

સાંપ્રત રાષ્ટ્રધર્મનું–બીજું વિશિષ્ટ અંગ ખાદીપ્રચાર છે. ખાદીપ્રચાર એટલે દરિદ્રનારાયણની સેવા. પૃથ્વીના પડ પર ગરીબમાં ગરીબ દેશ આપણો હિંદુસ્તાન છે. દેશની સેવા એટલે ગરીબોની સેવા અને તે કેવી રીતે સૌ કોઈ કરી શકે ? જ્યાં કરોડો હાડપિંજરોને એક ટાણું પણ પૂરું અન્ન મળતું નથી અને બદલવાને બીજું વસ્ત્ર મળતું નથી ત્યાં તેને રોજનો એક પૈસો પણ વધારે મળે તો તેને તે મહોર સમાન થાય. ત્યારે શું તેમને માટે અન્નક્ષેત્રો ખોલવાં કે રોજ દક્ષિણાઓ વહેંચવી ? આ માર્ગો તો પરાપૂર્વથી આપણે ત્યાં પ્રચલિત છે પણ આ ઉપાય તો વ્યાધિ કરતાં પણ બૂરો થઈ પડ્યો છે એ કોણ નથી જાણતું ? માટે ખરો ઉપાય તો ગાંધીજીને રેંટિયામાં જડયો. આ સુદર્શનચક્ર જ દેશની ગરીબાઈ થોડીક પણ ફેડી શકે તેમ છે. ઘેર ઘેર રેંટિયા ચાલે અને અનેક કાંતનારા, અને વણકરોને રોજી મળે, વસ્ત્ર મળે અને પરદેશ ઘસડાઈ જતી રૂ. ૬૦ કરોડની લક્ષ્મીદેશમાં રહે. જૈન ધર્મમાં દયાધર્મને પ્રાધાન્ય આપ્યું છે આ દયાધર્મનું પાલન ખાદી દ્વારા દરિદ્રોની સેવા સિવાય બીજી કઈ રીતે સરસ થવાનું હતું ?

જેમ જેમ ઉંડા ઊતરીને વિચારશું તેમ તેમ સ્પષ્ટ માલુમ પડશે કે શ્રેયાર્થીને રાષ્ટ્રધર્મ પ્રત્યે આંખમીંચામણાં કરે ચાલે તેમજ નથી. જો તેણે ચિત્તશુદ્ધિ કરવી હોય, ગુણોત્કર્ષ દ્વારા જીવન આધ્યાત્મિક બનાવવું હોય તો સમાજના અન્યાયો સામે અહિંસક યુદ્ધ લડવું જ જોઇશે. અને પરરાજ્યની ધુંસરી તળે રાષ્ટ્રનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પીસાઈ જવું એનાથી બીજો ગંભીર અન્યાય શો હોઈ શકે? અને આ મહા અન્યાયનો પ્રતિકાર કરવામાં જીવન સર્વસ્વ હોમાય તેમાં આધ્યાત્મિક ઉન્નતિ શું જેવી તેવી છે? ધર્મ–આધ્યાત્મિકતા એ જીવન વ્યાપક તત્ત્વ હોય અને છે જ તો ગુલામી પ્રજાને. ધર્મપાલન અને આધ્યાત્મિક વિકાસ સર્વાંશે શકય છે? આધ્યાત્મિક જીવન જીવનારને ડગલે ને પગલે ગુલામી–આંતરૂ અને બાહ્ય–સામે થવું જ જોઈએ. શ્રેયાર્થીને, મુમુક્ષુને રાષ્ટ્રયુદ્ધમાં ઝંપલાવ્યે જ છૂટકો છે.

દુઃખની વાત એ છે કે શ્રેયાર્થીઓ જ–સાધુ સાધ્વીઓ જ જે યુદ્ધમાં મોખરે રહેવા લાયક છે અને રહેવા જોઇએ–તે તેનાથી દોઢ ગાઉ દૂર ભાગે છે. તેમણે જાણવું જોઇએ કે પરમ શ્રેયાર્થી આ યુદ્ધનો સારથી છે અને સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ યમ નિયમાદિનું જેમણે પોતાના જીવનમાં વિશેષ પાલન કર્યું છે, તેવા શ્રેયાર્થીઓ તેના સૈનિક સાથીઓ છે અને થોડે ઘણે અંશે પણ સંયમી જીવન જીવનારાઓને જ સૈનિક થવાનું આહ્વાન છે. સૈનિકોમાં સંયમી જીવનની જેટલે અંશે ખામી હોય છે તેટલે અંશે લડતમાં પણ ખામી રહે છે જ. જેમને ચા બીડી વિના ચાલે નહિ, ભૂખ તરસ ટાઢ તડકો વેઠી શકે નહિ, સહેજ વાતમાં છેડાઇ પડતો હોય, જેની જીભ કાબુમાં ન રહે, કુટુંબનો ભાર માથે હોય, પરિગ્રહ ખૂબ વધારેલો હોય આવો માણસ સૈનિક થાય તો પોતાને અને દેશને લજવે. આથી ઉલટું સાધુ સાધ્વીઓ જેઓ સત્યનિષ્ઠ, બ્રહ્મચારી અપરિગ્રહી, ક્ષમાશીલ, અને સહનશીલ છે અને જે શ્રેયાર્થીઓ મહાવ્રતોને પોતાના જીવનમાં ઉતારવા મથી રહ્યા છે તેઓ ભલે વિદ્વાન ન હોય, વક્તા ન હોય, શિક્ષિત ન હોય, ભલે સ્ત્રી હોય, વયમાં યુવાન હોય તો પણ લડતને વધારે સુંદર રીતે દોરી શકે અને યશ અપાવી શકે. આ યુદ્ધનું હથિયાર બુદ્ધિ કરતાં ચારિત્ર વિશેષ છે અસાધુતાની સામે સાધુતાએ લડવાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે હવે સાધુ સાધ્વીઓ જીવનનો મર્મ સમજી દેશની હાકલને માન આપે તો દેશનો અજબ પલટો થઈ જાય અને સ્વરાજ્ય હસ્તામલકવત્ થાય. પણ તેમને કોણ સમજાવે ? સાધુસંઘની જેમ જૈન સંઘ પણ એટલો જ પ્રબળ છે. જૈન સંઘ પોતાનો રાષ્ટ્રધર્મ સમજે તો સાધુસંઘને વિનવી, પગે પડીને અને છેવટે તેમની સામે સત્યાગ્રહ કરીને પણ સમજાવી શકે. હવે જમાનો ઉલટો આવ્યો છે. પ્રજા રાજાને દોરે છે, મજૂરો મુડીદારોને દોરે છે યુવાનો વૃદ્ધોને દોરે છે તો ધર્મસંઘ ધર્માચાર્યો અને સાધુઓને દોરે તેમાં કાંઈ નવાઇ નથી.

અંતમાં આજના પવિત્ર પર્યુષણના મહોત્સવ નિમિત્તે એકઠા થયેલા સકળ શ્રેયાર્થીઓ રાષ્ટ્રધર્મના યથાર્થ પાલન દ્વારા પોતાનો અને માતૃભૂમિનો મોક્ષ સાધે એ પ્રાર્થના.

શારદા મંદિર
અમદાવાદ
પર્યુષણ પર્વ ૧૯૮૬

ચંદુલાલ કાશીરામ દવે
(બી. એ. એલ. એલ. બી.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org